અખિલ ભારતીય સેવા (AIS) પેન્શનરશ્રીઓને
છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા બાબત.

**હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી**
ગુજરાત રાજય, "વીમા અને લેખા ભવન" બ્લોક નં.૧૭,
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર

ફાઈલ ક્રમાંકઃહિતિનિ/ટીસી/ફા.૧૩૪/AIS/છઠ્ઠુ પગાર પંચ/૨૦૨૬
તા.૧૪.૧૦.૨૦૦૮

પરિપત્ર ક્રમાંક :૨૦/૨૦૦૮.

**વિષય :** અખિલ ભારતીય સેવાના તા.૧.૧.૦૬ પહેલા નિવૃત/મૃત્યુ થયેલ પેન્શનરને ૬ઠ્ઠા કેન્દ્રીય પગારપંચની ભલામણ અન્વયે પેન્શન/કુટુંબ પેન્શન સુધારવા બાબત.

આથી સબંધકર્તા તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનું ધ્યાન સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮.૧૦.૦૮ ના અંગ્રેજી પત્ર ક્રમાંકઃએઆઈએસ–૧૦.૨૦૦૮–૪૫૫૪૦૯–જી (નકલ સામેલ) તથા તેમાં ઉલ્લેખ કરેલ ભારત સરકારશ્રીના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સીસ અને પેન્શન મંત્રાલયના તા.૧.૯.૦૮ ના ઓફીસ મેમોરેન્ડમ નં.૩૮/૩૭/૦૮/પી એન્ડ પીડબલ્યુ(એ) (નકલ સામેલ) તરફ દોરતા જણાવવાનું કે, ૬ઠ્ઠા કેન્દ્રીય પગારપંચની ઉકત ભલામણો અન્વયે તા.૧.૧.૦૬ પહેલા નિવૃત/મૃત્યુ થયેલ અખિલ ભારતીય સેવાના (IAS, IPS & IFS) પેન્શનરો, કે જેઓ ગુજરાત રાજયની તિજોરી ખાતેથી પેન્શન મેળવતા હોય, તેઓના પેન્શન/કુટુંબ પેન્શન સુધારવાના થાય છે.

ઉકત બાબતે અખિલ ભારતીય સેવાના તા.૧.૧.૦૬ પહેલા નિવૃત/મૃત્યુ થયેલ પેન્શનરોના કિસ્સામાં તિજોરી કક્ષાએથી મેળવાતા પેન્શન/કુટુંબ પેન્શન સુધારવા બાબતે હાથ ધરવાની કાર્યવાહીનો વિગતવાર ઉલ્લેખ કેન્દ્ર સરકારશ્રીના ઉકત મેમોરેન્ડમમાં કરવામાં આવેલ છે. આમ છતાં સબંધકર્તાની સરળતા બાબતે નીચેની અતિ અગત્યની વિગતે ધ્યાન દોરવામાં આવે છે.

- અખિલ ભારતીય સેવા (ડેથ કમ રીટાયરમેન્ટ બેનીફીટ) (એટલે કે, IAS, IPS & IFS ના કિસ્સામાં) ના નિયમો અન્વયે પેન્શન મેળવતા અને તા.૧.૧.૦૬ પહેલા નિવૃત/મૃત્યુ થયેલ કિસ્સામાં જ જિલ્લા તિજોરી કચેરી કક્ષાએ પેન્શન સુધારવાનું રહે છે.
- ઉકત તમામ પેન્શનરો (ઓલ ઈન્ડિયા સર્વિસ)ના નિવૃતિ લાભો ચુકવવાની સંપૂર્ણ જવાબદારી ભારત સરકાશ્રીએ સ્વીકારી લીધેલ હોય, ઉકત પેન્શનરોના ચુકવણા ચાલુ માસથી રાજય સરકારશ્રીના સદરે નહીં ઉધારતા નીચે જણાવેલ સસ્પેન્શ સદરે ફરજીયાતપણે ઉધારવાના રહે છે.

| HEAD CODE FOR CENTRAL PENSIONERS | | |
|---|---|---|
| CLASSIFICATION OF HEAD UNDER FINANCIAL INFORMATION SYSTEM | | |
| MAJOR HEAD | 8658 | SUSPENSE ACCOUNTS |
| SUB MAJOR HEAD | 00 | NIL |
| MINOR HEAD | 101 | PAY & ACCOUNTS OFFICE-SUSPENSE |
| SUB HEAD | 03 | D/0 CENTRAL PENSION ACCOUNTING OFFICE - NEW DELHI(AIS) |
| | | |
| EDP HEAD CHARGEABLE | | 8658 00 101 76 2 |

PS, 38/41,

* અખિલ ભારતીય સેવાના પેન્શનરોને મળતા નિવૃતિ લાભ અલાયદા તારવવા માટે ટ્રેઝરી સીસ્ટમમાં ઈ.ડી.પી. સેલ ધ્વારા અપાયેલ નીચે મુજબના સદર (Object Head) ને કોડવાઈઝ દર્શાવવાના રહેશે.

| SR NO | DESCRIPTION | OBJECT HEAD | | |
|---|---|---|---|---|
| | | I.A.S | I.P.S | I.F.S |
| 1 | PENSION | 0411 | 0421 | 0431 |
| 2 | Dearness Relief | 0412 | 0422 | 0432 |
| 3 | GRATUITY | 0413 | 0423 | 0433 |
| 4 | C.V.P | 0414 | 0424 | 0434 |
| 5 | LEAVE ENCASHMENT | 0415 | 0425 | 0435 |
| 6 | MEDICAL ALLOWANCE | 0416 | 0426 | 0436 |
| 7 | MEDICAL REIMBURSEMENT | 0417 | 0427 | 0437 |
| 8 | FAMILY PENSION | 0418 | 0428 | 0438 |

* પેન્શન/કુટુંબ પેન્શન ભારત સરકારશ્રીના તા.૧.૯.૨૦૦૮ ના ઓફીસ મેમોરેન્ડમ સાથેના એનેક્ષ્ચર–II માં દર્શાવ્યા મુજબ નકકી કરવાનું રહેશે.
* જે કિસ્સામાં નિયત થતુ પેન્શન/કુટુંબ પેન્શન, નિવૃતિ સમયના પગારધોરણ સામે નિયત થયેલ નવા પગાર ધોરણના લઘુત્તમ ૫૦% થી ઓછુ થતુ હોય, તો તે કિસ્સામાં પેન્શન સુધારવાની કાર્યવાહી પેરા :૪.૨ મુજબ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ધ્વારા કરવાની રહેશે.
* પેન્શન સુધારણા તા.૧.૧.૦૬ થી કરવાની હોય, પ્રથમ તબકકામાં સામેલ મેમોરેન્ડમના એનેક્ષ્ચર–II માં દર્શાવેલ ફોર્મ્યુલા તથા સરળીકરણ માટે આપેલ એનેક્ષ્ચર–I ના કોઠાનો ઉપયોગ કરી, સુધારેલ પેન્શન ચાલુ માસથી ચુકવવા તજવીજ કરવી.
* ચુકવવાના તફાવતની ગણત્રી સત્વરે કરવાની રહેશે તથા તા.૧.૧.૦૬ થી તા.૩૧.૮.૦૮ સુધીના તફાવતની રકમનું ૪૦% ચુકવણુ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન તથા બાકીની ૬૦% રકમનું ચુકવણું નાણાંકીય વર્ષ ૨૦૦૯–૧૦ માં કરવાનું રહેશે.
* ભારત સરકારશ્રીના તા.૧૨.૯.૦૮ ના મેમોરેન્ડમ નં.૪૨/૨/૨૦૦૮/પી એન્ડ પીડબલ્યુ(જી) મુજબ (નકલ સામેલ) સુધારેલ મોંઘવારી રાહતની ગણતરી કરી, અગાઉ ચુકવેલ મોંઘવારી રાહત સરભર કરી ચુકવણું કરવાનું રહેશે.
* જે કિસ્સામાં અગાઉ કોઈ ક્ષતિને કારણે વધુ ચુકવણુ થયેલ હોય તો, વસુલાત કરવાપાત્ર રકમ ચુકવવાપાત્ર તફાવતની રકમમાંથી સરભર કરી શકાય.
* પેન્શન/કુટુંબ પેન્શન સુધારણાની નોંધ બંને પી.પી.ઓ હાફ, કોમ્પ્યુટર ડેટા, પી.પી.ઓ. રજીસ્ટર તથા લેજરમાં અધિકૃત કરવાની રહેશે.
* તા.૧.૯.૦૮ ના મેમોરેન્ડમના પેરાઃ ૪.૫ ની જોગવાઈ મુજબ ૮૦, ૮૫, ૯૦, ૯૫ તથા ૧૦૦ વર્ષ પૂર્ણ થતા વધારાનું ચુકવવાપાત્ર થતુ પેન્શન, જન્મ તારીખની ખાત્રી પી.પી.ઓ.ને આધારે કર્યા બાદ કરવાની રહેશે.
    * જે કિસ્સામાં પી.પી.ઓ.માં જન્મ તારીખની વિગત ઉપલબ્ધ ન હોય, તે કિસ્સામાં પેન્શન અધિકૃત કરતી (ડી.પી.પી.) કચેરી મારફતે વિગતો મેળવી લેવાની રહેશે.

* એક કરતા વધુ પેન્શન મેળવતા પેન્શનરોના કિસ્સામાં, એબ્સોર્બ થયેલ કર્મચારીઓના કિસ્સાઓમાં તેમજ તા.૧.૯.૦૮ ના મેમોરેન્ડમમાં દર્શાવેલ અન્ય કિસ્સાઓમાં પેન્શન સુધારણા મેમોરેન્ડમમાં ઉલ્લેખ કર્યા મુજબ કરવાનું રહેશે.
* પ્રોવિઝનલ પેન્શન (કામચલાઉ પેન્શન) ના કિસ્સામાં સુધારણા જિલ્લા તિજોરી કક્ષાએ કરવાનું રહેતું નથી.

ઉકત સુચનાઓનો અમલ જિલ્લા તિજોરી કક્ષાએથી જ કરવાનો રહેશે. જિલ્લા કક્ષાએથી પેન્શન ચુકવણા કેન્દ્રીકૃત યોજના અમલમાં આવેલ હોય પેટા તિજોરી કચેરીએ કોઈ જ કાર્યવાહી કરવાની રહેતી નથી તથા તા.૧.૧.૦૬ ના રોજ અથવા તે પછી નિવૃત થયેલ અખિલ ભારતીય સેવાના પેન્શનરો અંગે અલગથી પેન્શન પેમેન્ટ કચેરીની અધિકૃતી મળ્યા બાદ પેન્શન સુધારણા કરવાની રહેશે.

Sd/-
નિયામક 14/10/08

બિડાણ :– ઉપર મુજબ.

પ્રતિ,
૧. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી........................
૨. સયુંકત નિયામકશ્રી, ઈ.ડી.પી. સેલ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર